# સિવિલ ઓપીડી બિલ્ડીંગના ભોંયરામાં પાણી ભરાતાં માલ-સામાન ખરાબ





ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલમાં ન્યું ઓપીડી બિલ્ડીંગના ભોંયરામાં ઢીંચણસમા પાણી ભરાયા છે. આ પાણી ભરાતા ભોંયરામા રહેલા ચીજવસ્તુઓ બગડી જવાની સંભાવના છે. ત્યારે વરસાદ વિના આ પાણી કયાંથી આવ્યું તે પ્રશ્ન પણ તંત્રને ચિંતિત કરશે. સિવિલ તંત્રમાં "હોતા હૈ ચલતા હૈ" ની નિતી ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલનું તંત્ર ખાડે ગયું હોય તેમ લાગી રહ્યું છે. એક સમસ્યાનું સમાધાન આવે ત્યારે બીજી સમસ્યા સામે ઉભી હોય છે. પીઆઈયુ તંત્રને લઈ કેટલીક સમસ્યા વધુ વકરી રહી છે. લીફટ નીચે પાણી ભરાઈ રહે છે, તે કયાંથી આવે છે તે આજદિન સુધી કોઈ શોધી શક્યુ નથી. તો બીજી તરફ વીઆઈપી વોર્ડમાં પ્રવેશદ્વાર પર જ સતત પાણી ટપકતા બે ડોલ મુકવામાં આવી છે. જયારે ઓપીડી બિલ્ડીંગના ભોંયરામાં વરસાદ વિના પાણી ભરાઈ ગયું છે તે વાત પણ નવાઈ પમાડે છે. પહેલા ભોંયરામાં એમઆરડી વિભાગ કાર્યરત હોવાથી કેટલીક અગત્યની ફાઈલો પણ હોઈ શકે છે. જયારે કોમ્પ્યુટરના મોનીટર, ખુરશીઓ, પલંગ સહિતની ચીજવસ્તુઓ પાણીમાં ગરકાવ થઈ છે. પાણીને પગલે કેટલોક સામાન બગડી શકે છે. ભોંયરા સુધી પાણી ઘુસી જવા છતા સિવિલના કોઈ કર્મચારીનું ધ્યાન સુધ્ધા ગયુ નથી. ભોંયરામાં પાણી ભરાઈ રહેલા કેટલી ચીજવસ્તુઓ ખરાબ થઈ ગઈ છે તે જોયા પછી ખબર પડી શકે છે. સિવિલમાં નાની નાની સમસ્યાઓ ડામવામાં ન આવતા તે વિકરાળ સમસ્યા બની જાય છે.

# આનંદો : શતાબ્દી-ગુજરાત ક્વિન ગાંધીનગર સુધી લંબાવાશે

**ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર હોટલ અસ્તિત્વમાં આવ્યા બાદ સ્ટેશનની કાયાપલટ સાથે તબક્કાવાર રેલયાત્રિકોને નવી ટ્રેઇન સુવિધા પણ મળશે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઇન મળે તે માટે છેલ્લા દોઢ દાયકાથી સતત રજુઆતો કરવામાં આવી રહી છે. અનેક રેલવે બજેટ રજુ કરાયા બાદ પણ કેપિટલ સ્ટેશનના પોકેટમાં અત્યાર સુધી કાંઇ ખાસ આવ્યુ નથી હાલની સ્થિતિએ રેલવે સ્ટેશન પાસે નવીન હોટલ નિર્માણ થઈ છે. જયારે સ્ટેશનની પણ કાયાપલટ કરી દેવામાં આવી છે. આ તબક્કે ગાંધીનગર સ્ટેશનને વારાણસી તેમજ ગાંધીનગર વરેઠાની નવી ટ્રેઇન પણ મળી છે. ગાંધીનગર સ્ટેશન પર અત્યાર સુધી ગરીબ રથ દીલ્હી , ઈન્દોર ભાવનગર સહીતની ટ્રેઈનોનુ જોડાણ મળ્યુ છે. જયારે થોડા દિવસો અગાઉ જ વારાણસી તેમજ વરેઠાની નવી ટ્રેઇન પણ મળી છે. જયારે નવા સ્ટેશન પર રેલયાત્રિકો માટે જરૂરી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર સ્ટેશનને નવી ટ્રેઇન મળે તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેર વસાહત મહામંડળ દ્વારા પણ અત્યાર સુધી અનેકવાર કલોલ ખોડિયાર દોડતી ટ્રેઈનને પણ વાયા ગાંધીનગર રૂટમાં દોડાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. સ્ટેશનના વિકાસની સાથે નવી ટ્રેઇન મળવાની ઉજળી તકો ઉભી થઇ છે. ત્યારે સુરતમાં જન આર્શીવાદ યાત્રા દરમિયાન કેન્દ્રના રેલવે રાજય મંત્રી દર્શના જરદોશીએ શતાબ્દી ગુજરાત ક્વિનને પણ ગાંધીનગર સુધી લંબાવાશે તેવી જાહેરાત પણ કરી હતી. જેના લીધે ગાંધીનગરમાં ઘર આંગણે થી જ દિલ્હી મુંબઇ જવા માટે યાત્રિકોને સુપરફાસ્ટ ટ્રેઇન મળી રહેશે. આગામી દિવસોમાં અન્ય નવી ટ્રેઇન પણ કેપિટલ સ્ટેશનને ફાળવવામાં આવે તેવી પણ સંભાવના છે. વિકાસની અનેક યોજનાઓના અંતે સિલસિલાબંધ રજુઆતો બાદ લાંબા સમયના અંતે કેપિટલ સ્ટેશન તરફ કેન્દ્રની મીટ મંડરાતા હવે સ્ટેશન પર ધમધમાટ જોવા મળશે.

# એપોલો અને રક્ષાશકિત સર્કલ પર ટ્રાફિક ડાયવર્ઝન માટે સર્વિસ રોડ બનશે

**ફ્લાય ઓવરની કામગીરી શરૂ કરતાં પુર્વે ટ્રાફિકના ડાયવર્ઝન માટે સર્વિસ રોડ તૈયાર કરાશે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર અમદાવાદ વચ્ચે રૂટમાં આવતા રક્ષાશક્તિ અને એપોલો સર્કલ પર ઓવરબ્રિજના નિર્માણ માટે હવે ટ્રાફિકને ડાયવર્ઝન આપવા આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ બન્ને ઠેકાણે ઓવરબ્રિજનુ કામ શરૂ કરતા પુર્વે ટ્રાફિકની અવરજવર સરળ રીતે થાય તે માટે ડાયવર્ઝન આપવા માટે સર્વિસ રોડનુ કામ ટુંકમાં શરૂ કરાશે.

ગાંધીનગર નજીકના રક્ષાશક્તિ સર્કલ તેમજ એપોલો સર્કલ પાસે ઓવર બ્રિજના નિર્માણ માટે હાલ ટ્રાફિકને ડાયવર્ઝન આપવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગત દિવસોમાં આ બન્ને બ્રિજને અનુલક્ષી ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. આ વિસ્તારમાં ટ્રાફિકનુ પ્રમાણ ખુબ જ વધી ગયુ છે. જેના લીધે આ માર્ગ પર ઓવરબ્રિજ બનાવવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરી દેવાયો છે. જયારે ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષીને પણ વિવિધ ઠેકાણે ફલાય ઓવર બનાવી દેવાયા છે. જયારે ટવિન સીટી બનતા ગાંધીનગર અમદાવાદ વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના નવા-જૂના વિસ્તારોમાં ૧૧ અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આ માસના અંત સુધીમાં ૧૧ અર્બન હેલ્થ સેન્ટરો શરૂ કરવામાં આવશે. આ માટે કરાર આધારિત તબીબોની નિમણૂંક માટેની કવાયત પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ હેલ્થ સેન્ટરોમાં માત્ર સાંજના સમયે જ ઓ.પી.ડી. ચલાવવામાં આવશે. મનપા દ્વારા આ માટેનો આખો રોડમેપ પણ અમલીકરણના અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળેલ છે.

**આ માસના અંત સુધીમાં કાર્યરત થનારા આ સેન્ટરોમાં નવા સમાવાયેલા ગ્રામ્ય વિસ્તારોને અગ્રતા**

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તબીબો માટે રાખવામાં આવેલ વોક ઈન ઈન્ટરવ્યુમાં ૬૮ જેટલા તબીબો આવ્યા હતા અને ઈન્ટરવ્યુની પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ છે.

દિલ્હીમાં અમલી બનેલા મહોલ્લા ક્લીનીક જેવા જ અભિગમ સાથે આ સેન્ટરો કાર્યરત કરવાની જાહેરાત રાજ્ય સરકારે બજેટ સત્ર દરમ્યાન કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ માટે હાલ ૧૧ જેટલા કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે તેમાં નવા ભેળવવામાં આવેલ ગ્રામ્ય વિસ્તારોને અગ્રતા આપવામાં આવી છે. આ અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત થતાં શહેરની આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થશે તેમ તંત્રના સૂત્રોનું કહેવું છે.

હાલ જે ૧૧ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે તેમાં બોરીજ, આદિવાડા, ઈન્દ્રોડા, ધોળાકુવા, સે. ૧ ઉના છાપરા, કોલવડા, ખોરજ, ભાટ, સરગાસણ, રાંધેજા અને રાંદેસણનો સમાવેશ થાય છે.

શહેરમાં હાલ ૪ અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે. શહેરમાં નવા સ્થપાનારા આ સેન્ટરો હાલ તો ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવશે. રાજય સરકારની માર્ગદર્શક સૂચનાઓ મુજબ આ સેન્ટરો કાર્યરત કરવામાં આવનાર છે. મોટા ભાગે તબીબો દર્દીઓને તપાસી અને દવાઓનું પ્રિસ્ક્રીપ્શન જ લખી આપશે.

ગાંધીનગર શહેરમાં પહેલા સેક્ટરોમાં જે સરકારી દવાખાનાઓ ચાલતા હતા તે હાલ બંધ હાલતમાં છે તો કેટલાક જર્જરિત પણ થઈ ગયા છે. સરકારે આરોગ્યની સેવાઓ હજુ મનપાને સોંપી નથી પરંતુ આ માટેની તૈયારીઓ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

# ગાંધીનગર તાલુકાના પાંચ ગામમાં ૨૪મીથી સ્વામિત્વ યોજના હેઠળ ડ્રોનથી સર્વેની કામગીરીનો આરંભ

**જિલ્લાના ૧૮ ગામોને પાઇલોટ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૯

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કતધારકોને મિલ્કત કાર્ડ તૈયાર કરી આપવા માટે સ્વામિત્વ યોજના અમલી બનાવી છે. આ યોજના માટે ગાંધીનગર જિલ્લાની પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે. આ યોજનાના સુચારૂ આયોજન અર્થે આગામી ૨૪મી ઓગસ્ટના રોજથી ગાંધીનગર તાલુકાના પાંચ ગામોમાં ડ્રોન દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવશે.

ભારત સરકારના પંચાયતરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેક્નોલોજી દ્વારા મિલકતોની માપણી કરવા માટે સ્વામિત્વ યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત ભારત- રાજય સરકાર માટે સરવે ઓફ ઈન્ડિયા, પંચાયત વિભાગ અને મહેસુલ વિભાગના સંયુક્ત રીતે કામ કરશે.

આ યોજનાના સુચારૂ આયોજન અર્થે ગાંધીનગર જિલ્લાને પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. આ પાઈલોટ પ્રોજેકટના સુચારૂ આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, પ્રાંત અધિકારી, જિલ્લા નોંધણી નિરીક્ષક, નાયબ નિયામક, જમીન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ચોમાસુ કોરુંધાકોર

**શહેરમાં માંડ ૧૫ ટકા વરસાદ : ચોમાસાના ૬૭ દિવસમાં અત્યાર સુધી માંડ ખોબે ખોબે ૬ ઇંચ વરસાદ**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસાની શરૂઆત જ હજુ થઈ ન હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. અષાઢમાં પણ ગાજવીજ સાથે ભારે વરસાદ વરસતો હોય છે તેના બદલે આખો અષાઢ કોરોધાકોર રહેતા અડધા શ્રાવણે પણ વરસાદના કોઈ એંધાણ નથી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૧૫ ટકા વરસાદ જ નોંધાયો છે. અલબત્ત ચોમાસાના પ્રારંભ બાદ ૬૭ દિવસમાં માત્ર ૬ ઈંચ વરસાદ જ વરસ્યો છે.



ઓગષ્ટ મહીનો પુરો થવા આવ્યો પરંતુ ગાંધીનગરમાં મેઘરાજા ચોમાસાની શરૂઆત બાદ મન મુકીને વરસ્યા નથી. અષાઢમાં પણ કોરુ ધાકોર શહેર વરસાદ વિના ટળવળતુ રહ્યુ અને શ્રાવણમાં પણ વરસાદી વાદળો રોજ આકાશી સફર કરી વિદાય લેતા વરસાદની આશ ઠગારી નિવડે છે.

છેલ્લા કેટલાક સમયથી વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનુ પ્રમાણ પણ વધ્યુ છે. આકરા ઉકળાટ સાથે હવે દિવસનો તાપ પણ મહત્તમ તાપમાનની ચઢ ઉતર વચ્ચે અસહ્ય બન્યો છે. ચોમાસામાં પણ વરસાદની ગેરહાજરી વચ્ચે ઉનાળા જેવી આકરી ગરમીથી જનજીવન બેચેન બન્યુ છે. વાદળિયા વાતાવરણ વચ્ચે ચોમાસા જેવો માહોલ રોજ સર્જાય છે. પરંતુ વરસાદી વાદળો ઘેરવા નાંખી વરસ્યા વિના જ વિદાય લઈ લેતા હજુ સુધી ગાંધીનગરમાં ચોમાસુ શરૂ થયુ હોય તેવો અહેસાસ નગરજનોને થયો નથી. છેલ્લા ૬૭ દિવસમાં શહેરમાં માત્ર ૬ ઈંચ વરસાદ થયો છે. અલબત્ત મેઘરાજા હાઉકલી કરી ગયા છે. અષાઢ મહીનામાં પણ માત્ર ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. કયારેક હળવા ભારે વરસાદી ઝાપટા સિવાય ચારેકોર જળબંબાકાર થાય તેવો વરસાદ હજુ આ સિઝનમાં થયો નથી. મેઘરાજાને અનેકવાર કાકલુદી કરતા નગરજનો ગરમીથી પણ અકળાયા છે.

બીજીતરફ ખેડુતોમાં પણ પુરતા વરસાદના અભાવે ચિંતાના વાદળો ઘેરાયા છે. વિલંબમાં પડેલા મેઘરાજા પાછળથી ભરપુર વરસે તો પણ સમયસર વરસાદના અભાવે ખેતીને પણ મોટુ નુકશાન થાય તેમ છે. આકાશમાં રોજબરોજ ઘેરાતા વરાસાદી વાદળો ચોમાસાની શરૂઆતથી જ આશ જન્માવે છે. પરંતુ હાઉકલી કરવા ટેવાયેલા મેઘરાજા વરસવાનુ ભુલી ગયા છે. ગાંધીનગરમાં આગામી ચાર પાંચ દિવસોમાં વરસાદ આવશે તેમ હવામાન તજજ્ઞો તેમજ જયોતિષ વિદો માની રહ્યા છે. પરંતુ અત્યાર સુધી સિઝનનો માંડ ૧૫ ટકા વરસાદ જ પડયો છે જેના લીધે ચોમાસાના મોટાભાગના દિવસોમાં મેઘ મહેર થઈ નથી. વરસાદ વિનાનો સુકારો નગરજનોને ખુંચી રહ્યો છે.

# મચ્છરોના જૈવિક નિયંત્રણ માટે ગપ્પી માછલી મહત્વની છે

**પોરાભક્ષક માછલી બે પ્રકારની છે : રોજના ૩૦૦ પોરા ખાઈ જાય છે : ઈકો ફ્રેન્ડલી જૈવિક નિયંત્રણ કરતી આ માછલી ૪ વાર બચ્ચાને જન્મ આપે છે**

ગાંધીનગર, તા. ૧૯

આજે વિશ્વ મચ્છર દિવસની ઉજવણી છે. વાહકજન્ય રોગચાળાને લઈ આજે જે ચર્ચાઓ ચાલે છે ત્યારે વાહકજન્ય રોગચાળામાં જૈવિક નિયંત્રણનું કામ કરતી ગપ્પી માછલી વિશે કેટલીક જાણવા જેવી વિગતો આજે અહિ લખી રહ્યા છીએ.

મચ્છર હંમેશા ચોખ્ખા પાણીમાં તેના ઈંડા મુકે છે. મચ્છર એક સાથે ૮૦ થી લઈ ૧૨૫ જેટલા ઈંડા મુકે છે. મચ્છર કરડે ત્યારે તેના પેરેલાઈટ્સ માનવશરીરમાં મુકે છે અને તેનાથી મેલેરિયા થતો હોય છે. આ શોધ સર રોનાલ્ડ રૂત્કોએ કરી હતી. ૨૦મી ઓગષ્ટ ૧૮૯૭ના રોજ શોધ કરી હતી. એટલે આ દિવસને વિશ્વ મચ્છર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

હવે જૈવિક નિયંત્રણનુ કામ કરતી પોરાભક્ષક માછલીના બે પ્રકાર છે. એકનું નામ પોમેફીલીયા રેટીક્યુમેટા અને ગમ્બુલિયા એ ફીનીલ માછલી જેને આપણે ગપ્પી માછલી તરીકે ઓળખીએ છીએ.

આ ગપ્પી માછલી કદમાં બહુ નાની હોય છે. એક માછલી મચ્છરે મુકેલા ઈંડામાંથી થતા ૩૦૦ જેટલા ખાઈ શકે છે.

આ માછલી પર્યાવરણને નુકશાન નથી કરતી એટલે તેને ઈકો ફ્રેન્ડલી ગણવામાં આવે છે તેમજ જૈવિક નિયંત્રણમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ગપ્પી માછલી પાણીના ઊંડાણમાં રહેવાનું પસંદ કરતી હોય છે. તેમજ તેનુ સ્થળાંતર પણ સરળતાથી કરી શકાય છે.

આ ગપ્પી માછલી ઈંડા નથી મુકતી પણ વર્ષમાં ૪ વાર તેના બચ્ચાઓને જન્મ આપે છે. આ માછલીનું સ્થળાંતર પણ સરળતાથી કરી શકાય છે.

આ માછલી થોડી ઘણી ગંદકી પણ સહન કરી શકે છે. આ માછલીને ખોરાક આપવાની જરૂરિયાત પણ નથી પડતી. આ માછલીની વંશીય વૃદ્ધિ ઝડપી હોવાથી તેનો ઉછેર કરી અને અન્ય જગ્યાએ સ્થળાંતર કરી શકાય છે.

ગાંધીનગર જિલ્લામાં તળાવ, મોટા ખાડા કે જ્યાં પાણીનો સંગ્રહ રહે છે તેવા ૪૩૯૮ સ્થળો પર ગપ્પી માછલી મુકવામાં આવી છે.

ગાંધીનગર તાલુકામાં ૧૪૪૨, દહેગામ તાલુકામાં ૩૫૧, કલોલ તાલુકામાં ૩૧૨, માણસા તાલુકામાં ૨૨૧૩ અને શહેરી વિસ્તારોમાં ૮૦ સ્થાનોએ આ ગપ્પી માછલી મુકવામાં આવી છે.

મચ્છરજન્ય રોગચાળાથી બચવા માટે કેટલાક ઘરગથ્થુ ઈલાજો પણ છે. આપણે જ આપણા દુશ્મન ન બનીએ અને મચ્છરોની ઉત્પત્તિને અટકાવીએ તે વધુ જરૂરી છે. ગાંધીનગર જિલ્લામાં આ બન્ને પ્રકારની માછલીઓ ઉછેરવામાં આવી છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# સેક્ટર-૨૯માં ૭૨ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરના સે. ૨૯માં એક ૭૨ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વડીલે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર શહેરમાં દસ દિવસના વિરામ બાદ આ નવો કેસ મળી આવેલ છે. મનપાના આરોગ્યતંત્રના સૂત્રોએ કહ્યુ છે કે સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને શહેરમાં સર્વેલન્સની કામગીરી ચાલુ જ છે.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તા. ગાંધીનગર મોજે જુંડાલમાં **સર્વે નં. ૪૦૯, ખાતા નં. ૧૧૧૦, ફાયનલ પ્લોટ નં. ૧૯૨, ટી.પી. નંબર ૬૯, ફ્લેટ નં. ડી/૪૦૨** વાળી મિલકત **પંકજ કાન્તિભાઈ પટેલ**ની સ્વતંત્ર માલિકીની છે અને સદર મિલકત તેમણે **શિવમ કન્સ્ટ્રક્શન** પાસેથી ૦૫.૧૦.૨૦૧૬ ના રોજ **રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૪૫૫૩** થી વેચાણ રાખેલ છે.

સદર મિલકત ઉપર કોઈ મોર્ગેજ, લેણું, ચાર્જ, પીયત, બોજો, સોલવંશી ના હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટની માંગણી કરેલ છે. તેથી ઉપરોક્ત મિલકતમાં કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હિસ્સો ઈત્યાદી હોય તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન સાતમાં અમોને ઉપરના સરનામે લેખિત નકલ વાળા પુરાવા સહિત રજીસ્ટર પોસ્ટ એડીથી જાણ કરવી અન્યથા મુદ્દત વિતેથી અમો સદર મિલકતનું ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટ ઈસ્યુ કરીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, જેની નોંધ લેશો.

**પૌરમી શેઠ, એડવોકેટ**
૬, સુષ્મા ફ્લેટ્સ, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે,
મ્યુનિસિપલ ગ્રાઉન્ડ સામે, અમદાવાદ-૩૮૦૦૦૯

**તા. ૧૭.૦૮.૨૦૨૧**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com